# <u>લૌકિક પુરુષાર્થ અને અલૌકિક પુરુષાર્થ</u>

(પાતંજલ યોગદર્શન - સમાધિપાદનું સૂત્ર સોળમું - 'મુક્તા' પુસ્તકમાંથી સાભાર)

સમસ્ત વિશ્વની અનુભૂતિ શાના દ્વારા થાય છે? ચૈતન્ય દ્વારા. શરીરમંદિરમાં, શરીરરૂપી કાશીપુરીમાં વિશ્વનાથ બિરાજી રહેલા છે. પુરીમાં રહે-વસે તે પુરુષ અને તે પુરુષ માટે - પુરુષ અર્થે જે કાંઈ કરવામાં આવે તેનું નામ પુરુષાર્થ. શરીરપુરમાં રહેલા પુરુષ અર્થે - આત્માને સમજવા માટે જે કાંઈ પ્રયત્ન ઈત્યાદિ કરવામાં આવે તેનું નામ પુરુષાર્થ. પુરુષાર્થ પણ બે પ્રકારના છે. એક લૌકિક પુરુષાર્થ અને બીજો અલૌકિક.

પુરુષની પ્રાપ્તિ માટે જે પ્રત્યક્ષ યત્ન-પ્રયત્ન કરવામાં આવે છે તે અલૌકિક, દિવ્ય અને પરમ પુરુષાર્થ છે. જે પુરુષાર્થ 'પરમ' ની પ્રાપ્તિ કરાવે તે પરમ પુરુષાર્થ કહેવાય. જીવનમાં પરમ પુરુષાર્થ અને લૌકિક પુરુષાર્થ બંનેની જરૂરત છે. આપણે જે કાંઈ પ્રયત્નો-કર્મો-કાર્યો કરીએ છીએ તેને વ્યાવહારિક ભાષામાં પુરુષાર્થ કહે છે. જેમકે મનુષ્યે કોઈને કોઈ પુરુષાર્થ કરવો જોઈએ. તેથી બ્રહ્માનંદજીએ ભજનમાં ગાયું કે

*પુરુષાર્થકો કરો સદા નર, કર્મ કર્મ તૂ ક્યા ગાવે?*
*ઐસી વસ્તુ નહીં દુનિયામેં, પુરુષાર્થ સે નહીં પાવે.*

એટલે કે મનુષ્યે પ્રયત્ન-પુરુષાર્થ કરવો જોઈએ. એ લૌકિક પુરુષાર્થ કહેવાય. અલૌકિક પુરુષાર્થમાં જવા માટે પણ લૌકિક પુરુષાર્થની જરૂર છે. અલૌકિક પુરુષાર્થમાં ન પહોંચીએ ત્યાં સુધી લૌકિક પુરુષાર્થ કરતા રહેવું જોઈએ. સવારથી સાંજ સુધી જે કાંઈ કાર્યો-કર્મો કરીએ છીએ તે બધાં લૌકિક પુરુષાર્થવાળાં છે અને તે કાર્યો દ્વારા જે કાંઈ પણ પ્રાપ્ત થતું રહે છે તેમાં પરમ સંતોષ થતો નથી. દિવસો, મહિનાઓ અને વર્ષો સુધી આપણે કર્મો કરતા રહીએ છીએ અને કર્મને અનુરૂપ ફળની પ્રાપ્તિ થતી રહે છે પરંતુ તેથી પરમ સંતોષની પ્રાપ્તિ થતી નથી. કાંઈ ને કાંઈ અધૂરાપણું સતત જણાયા કરે છે; અતૃપ્તિ કાયમ રહ્યા કરે છે. આપણે જે કાંઈ પ્રયત્ન-પુરુષાર્થ કરીએ છીએ અને તેનું જે કાંઈ ફળ મળે છે તેનાથી જો આપણે પરિતૃપ્ત થઈ જતા હોઈએ તો પછી બીજા ફળની ઈચ્છા આપણા મનમાં જાગે જ નહીં. પરંતુ આમ નથી બનતું, આ તો જેમ જેમ આહુતિ ર":પવાથી અગ્નિની વૃદ્ધિ થાય છે, તેમ દરેકે દરેક ફળની પ્રાપ્તિ પછી બીજા ફળની ઇચ્છા સતત જાગ્યા જ કરે છે, અતૃપ્તિ સદા રહ્યા જ કરે છે. એ તેની સાબિતી છે કે એવી કોઈ એક વસ્તુ છે કે જે હજુ પ્રાપ્ત થઈ નથી, કે જેને પ્રાપ્ત કર્યા પછી બીજું કાંઈ પ્રાપ્ત કરવાની જરૂર રહેતી નથી, જે પ્રાપ્ત કરવાથી પરમતૃપ્ત-સંતૃપ્ત થઈ જવાય છે.

તો આમ, લૌકિક પુરુષાર્થ દ્વારા મેળવેલાં ઘણાં બધાં લૌકિક ફળોને અને સિદ્ધિઓને ભોગવતા ભોગવતા એવા નિર્ણય ઉપર આવીએ છીએ કે "ના... આમાં કાંઈ નથી... આમાં તૃપ્તિ નથી. પરમતૃપ્તિ માટે કાંઈ બીજું જ છે. આ બધાં ફળોની પ્રાપ્તિમાં જો પરમતૃપ્તિ હોત તો, આટલાં વર્ષોમાં જરૂર તે મળી ગઈ હોત. પરમતૃપ્તિ નથી મળી એટલે હજુ કાંઈક બીજું જે બાકી છે તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ."

આવી રીતે મનુષ્ય લૌકિક પુરુષાર્થ કરતો કરતો આગળ વધતો જાય છે અને બધા પુરુષાર્થનો જાતઅનુભવ લઈ, તેમાંથી મળતાં ફળોને ભોગવી એ બધાંમાંથી ઉપરામ થતો જાય છે. અને છેવટે એ પરમ પુરુષાર્થમાં પહોંચીને પરમ પુરુષાર્થનું ફળ જે કૈવલ્ય તેને પ્રાપ્ત કરી લે છે અને સંતૃપ્ત-પરમતૃપ્ત થઈ જાય છે. ત્યાં સુધી તો તેણે લૌકિક પુરુષાર્થ કરવો જ પડે છે. લૌકિક પુરુષાર્થનો સ્વાનુભવ જો લીધો ના હોય તો પરમ પુરુષાર્થમાં જ્યારે લાગે ત્યારે પણ તેનું મન લૌકિકતા તરફ લલચાયેલું રહે છે; તેને કુતૂહલ થયા કરે છે કે તેમાં શું હશે, ત્યાં શું હશે? જેમ કે -

કોઈ ભાઈને અહીંથી તેલનાર (કેદારેશ્વર પાસેના એક નાના ગામડાનું નામ તેલનાર છે) મોકલીએ અને તે રસ્તામાં માણસોનું મોટું ટોળું જુએ તો તેને કુતૂહલ-જિજ્ઞાસા થાય કે અહીં શું હશે? લાવને હું જોતો જાઉં! ઉતાવળના અને પવિત્ર કાર્ય માટે તેને તેલનાર મોકલેલો હતો પરંતુ તેણે રસ્તામાં ટોળું જોયું અને તેથી તેની કુતૂહલવૃત્તિ જાગી. ત્યાં એક માણસ હાથચાલાકીના-જાદુના ખેલ કરતો હતો. એ ત્યાં જોવા ગયો અને ખેલ પૂરો થયો ત્યાં સુધી ખોટી થયો. પણ જેણે પહેલાં માણસોનું ટોળું તથા જાદુના ખેલો જોઈ જ નાખેલા હોય તે, તે બાજુ ફંટાય જ નહીં. તે જ્યારે અગત્યના કાર્ય માટે તેલનાર જતો હોય અને વચ્ચે જાદુગરને કે ટોળાને જુએ તો એ સમજી જ લે છે કે અહીં આમ જ હશે, આમાં શું જોવાનું હતું? આમ તેને ત્યાં કુતૂહલવૃત્તિ કે જિજ્ઞાસાવૃત્તિ એકેય ન જાગે. કેમ કે તેણે આ બધું પૂર્વે જોઈ નાખેલું હતું તેથી તે સીધો જ પોતાના કાર્ય માટે ઊપડી જાય.

ક્યાં સુધી લૌકિક પુરુષાર્થની જરૂરત અને મર્યાદા છે તેનું આ એક દ્રષ્ટાંત આપ્યું. લૌકિક પુરુષાર્થ દ્વારા ફળ પ્રાપ્ત કરીને, તે બધાથી ઉપરામ થઈ ચૂકેલો હોય તે, લૌકિક સુખોનો સ્વાનુભવ કરી ચૂકેલો હોય તે પરમ પુરુષાર્થ તરફ વળે ત્યારે તેને તે બધાં તરફ કુતૂહલવૃત્તિ કે જિજ્ઞાસાવૃત્તિ નથી થતી.

તેની કુતૂહલવૃત્તિ પરિસમાપ્ત થઈ ગયેલી હોય છે. કલ્યાણના માર્ગમાં આગળ વધતા તેને લૌકિક પુરુષાર્થના ફળરૂપે આવતું, વિલંબરૂપી અકલ્યાણનું નડતર અવરોધતું નથી કારણ કે આ બધું તો તે લૌકિક પુરુષાર્થમાંથી પ્રાપ્ત કરી અનુભવી ચૂકેલો છે. તેથી તે તેમાં લલચાતો નથી, લોભાતો નથી અને ખોટી પણ થતો નથી. આટલા માટે લૌકિક પુરુષાર્થની જરૂર છે. લૌકિક પુરુષાર્થ કરતાં કરતાં અલૌકિક પુરુષાર્થમાં આવી જવાય અને તેના દ્વારા પરમ પવિત્ર દિવ્ય કૈવલ્યને અનુભવી લેવાય. ત્યાં સુધી તો બંને પુરુષાર્થની જરૂર છે.

સાચો પુરુષાર્થ પુરુષ અર્થે જ હોય, તે કૈવલ્યમાં પહોંચાડનારો જ હોય. સત્યધર્મનું પાલન કરવું, યોગનાં અંગોનું આચરણ કરવું તે બધું પરમ પુરુષાર્થમાં ગણાય.